# શ્રી સોમનાથ ટ્રસ્ટ – પ્રભાસ પાટણ

## શ્રી સોમનાથ ટ્રસ્ટ સંચાલિત નવનિર્મિત પાર્કિંગમાં આવેલ અલગ–અલગ દિવાલો ઉપર જાહેરાત મુકવા અંગેની શરતો

૧. માંગણીદારે ઈ.એમ.ડી. રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પુરા ભરવાના રહેશે.

૨. ઈજારો રાખનાર એજન્સીએ જે જગ્યાએ દિવાલ ઉપર જાહેરાત મુકતા પૂર્વે શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજરશ્રીની પરવાનગી લીધા બાદ જ જાહેરાત મુકવાની રહેશે.

૩. જાહેરાત જનરલ મેનેજર તથા સંબંધિત ટ્રસ્ટના માન્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ પ્રસિદ્ધ કરવાની રહેશે.

૪. જાહેરાત મુકતા પૂર્વે જગ્યાનો પ્લાન નકશો રજૂ કરવાનો રહેશે.

૫. જાહેરાત લગાડવાની મંજુરી બાદ નકકી થયેલ રકમનો ચુકાદો એડવાન્સમાં કરી આપવાનો રહેશે.

૬. ઈજારદાર ઈજારાની તમામ શરતોનું પાલન કરશે તેની ખાત્રી કરાવવા માટે નિયમ મુજબ સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવાનો રહેશે.

૭. ઈજારદાર દ્વારા કોઈપણ વ્યકિતને ઈજારાનો સંપૂર્ણ કે અંશતઃ ભાગનો પેટા ઈજારો આપી શકાશે નહી કે કોઈના નામે ફેરબદલ કરી શકાશે નહીં.

૮. જાહેરાત માત્રને માત્ર ટ્રસ્ટના નવનિર્મિત પાર્કિંગ ખાતે બતાવેલ સુચિત દિવાલો અને જગ્યાએ જ પ્રસિદ્ધ કરવાની રહેશે.

૯. ઈજારાની મુદ્દત તા.૦૧–૦૮–૨૦૨૧ થી ૧૧ માસ સુધીની રહેશે.

૧૦. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કેટલી જગ્યાનું લોકેશન પાર્કિંગ ખાતે બતાવવામાં આવશે, તેજ જગ્યાએ જાહેરાત પ્રસિદ્ધ કરવાની રહેશે.

૧૧. પાર્કિંગ ખાતે ચોકકસ દિવાલો તથા માપ સાઈઝ નકકી કરેલ છે તેજ જગ્યાએ જાહેરાત પ્રસિદ્ધ કરવાની રહેશે. જે પત્રક પણ માપસાઈઝ અંગેનું સામેલ રાખેલ છે.

૧૨. ભાવ આવ્યેથી ટ્રસ્ટની ટર્મસ કન્ડીશન અનુસાર પાકુ એગ્રીમેન્ટ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે. જે સંપૂર્ણ પણે ઈજારો રાખનાર દ્વારા અનુસરવાનું રહેશે.